# Day to Day Current Affairs

## 3. ઓક્ટોબર ૨૦૧૫

### ૧. BCCI દ્વારા ટોચ માટે ગાંધી જંયતિએ નવો સિક્કો જાહેર કરાયો :

- તાજેતરમાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે શરૂ થયેલી ક્રિકેટ સિરીઝ માટે BCCI એ ગાંધી જંયતિના દિવસે ટોસ ઉછાળવા નવો સિક્કો બહાર પાડ્યો હતો.

- આ શ્રેણી માટે વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલા આ સિક્કા પર ગોલ્ડનું પ્લેટિંગ કરવામાં આવ્યું છે.

- ચાંદીના આ સિક્કાનું વજન 20 ગ્રામ છે.

- સિક્કાની એક બાજુએ મહાત્મા ગાંધી તથા નેલ્સન મંડેલાનો ફોટો છે અને તેને હેડ્સ માનવામાં આવે છે તેમજ બીજી તરફ ફ્રિડમ સિરીઝ અંકિત કરવામાં આવી છે અને તેને ટેલ્સ માનવામાં આવે છે.

### ૨. સૈયદ અકબરુદ્દીન :

- તાજેતરમાં ભારત સરકારે તેમને સંયુકત રાષ્ટ્રમાં ભારતના દુત બનાવ્યા છે.

### 3. T–20 માં વિરાટ કોહલીના ફાસ્ટેસ્ટ 1000 રન :

- તાજેતરમાં સાઉથ આફ્રિકા સામેની પ્રથમ T–20 માં વિરાટ કોહલીએ પોતાની ઇન્ટરનેશનલ T-20 કારકીર્દિના 1000 રન પુરા કર્યા.

- T–20 માં આ સિધ્ધિ મેળવનાર કોહલી ભારતનો પ્રથમ તથા વિશ્વનો 20મો બેટ્સમેન બન્યો છે.

- વિશ્વ ક્રિકેટમાં સૌથી વધારે રન ન્યુઝિલેન્ડના સુકાની બ્રેન્ડન મેક્કુલમે 2410 રન બનાવ્યા છે.

### ૪. T-20 માં રોહિતની સદી :

- તાજેતરમાં યોજાયેલા ભારત – સાઉથ આફ્રિકા T–20 મેચમાં રોહિત શર્માએ 106 રન ફટકારી T–20 ઇતિહાસમાં ભારત તરફથી સર્વાધિક રન બનાવનાર ખેલાડી બન્યો.

- T -20 માં સુરેશ રૈના બાદ સદી નોંધાવનાર તે ભારતનો માત્ર બીજો બેટ્સમેન બન્યો હતો.

Vivekanand Academy, Gandhinagar